**ધાનપુરના પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં.**

**ક્રિમીનલ કેસ નં.૪૮/૨૦૨૬**

ફરીયાદી::– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી::– ગણપતભાઇ નટવરભાઇ રાવળ

રહે.રહેનાકટી હાટીચા ફળીયા, તા.ધાનપુર, જી.દાહોદ

**ગુનોઃ– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫ મુજબ...**

**–:: ઠરાવ ::–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ જાહેરમાં ગેરકાયદેસર પાસ પરમીટ વગર કેફી પીણુ પીધેલ હાલતમાં મળી આવી પકડાઇ જઇ પોતાની પાસે કેફી પીણુ પીવા બદલ કોઇ પાસ પરમીટ રજુ નહી કરી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫ મુજબના ગુનાના કામે અટક કરેલ અને નામદાર કોર્ટમાં રજુ કરેલ અને આરોપી સામે ફરીયાદીની ફરીયાદને આધારે ગુનો રજીસ્ટર્ડ કરી ગુનાને લગત તપાસ કરી તેઓ સામે પુરતો પુરાવો હોઇ ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપી સામેનુ ચાર્જશીટ રજુ થતાં બી.એન.એસ.એસ.કલમ– ૨૧૦ મુજબ પોલીસ રીપોર્ટને આધારે ગુનાનું કોગ્નીઝન્સ લઇ આરોપીને સમન્સ કરતાં આરોપીને ધોરણસર સમન્સ બજી જઇ હાજર થતાં તેઓને બી.એન.એસ.એસ.કલમ– ૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપ્યાની ખાત્રી કરેલ.

(૩) આરોપી સામે હાલનું કામ પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫ અન્વયેનું છે. ગુજરાત સરકારશ્રી દ્વારા પ્રોહીબીશન એકટમાં સુધારો કરેલ છે. ગુજરાત સરકારશ્રી દ્વારા ઓર્ડીનન્સ નંબર ૭/૨૦૧૬ થી વટહુકમ કરવામાં આવેલ છે અને સદર ઓર્ડીનન્સનો અમલ તા. ૧૯/૧૨/૨૦૧૬ થી તાત્કાલીક અસરથી અમલમાં આવેલ છે. જે વટહુકમ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૮૫ ની સજાની જોગવાઇ ધ્યાને લેતાં આરોપી સામે ૩ વર્ષ સુધીની કેદની સજા અને દંડને પાત્ર ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે. જેથી આ કામમાં આરોપી સામેના ગુનામાં ક્રિમીનલ પ્રોસીઝર કોડમાં આપવામાં આવેલ, પોલીસ રીપોર્ટ ઉપરથી શરૂ કરવામાં આવેલ વોરંટ ટ્રાયેબલ કેસની કાર્યવાહી અનુસરવી જરૂરી છે. જેથી આ કામે આરોપી સામે તહોમતનામુ ફરમાવી તેઓનો જવાબ લેવામાં આવતાં તેઓએ ગુનો સ્વેચ્છાથી કબુલ કરેલ ન હોવાનું જણાવેલ છે. જે બાદ

આરોપીએ તેઓ સામેના ગુનાનો આક્ષેપ કબુલ કરતાં હોવા બાબતે પુરસીસ આપેલ. આરોપીને તેઓ સામેના ગુનાની ગંભીરતા તથા સજાકીય જોગવાઇઓ અંગે સમજાવવામાં આવેલ છે. તેમજ આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ ન હોવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપી તેઓનો ગુનો કબુલ કરતાં હોવાનું જણાવે છે અને પુરસીસમાં જણાવેલ હકિકતોને વળગી રહે છે. આરોપીને સજા અંગે સમજાવવામાં આવેલ છે. તેમ છતાં આરોપી તેઓની સામેના ગુનાની કબુલાત કરી પુરસીસ રજુ કરી જણાવે છે કે આ તેઓનો પ્રથમ ગુનો છે. તેમજ તેઓ ગરીબ વર્ગના માણસ હોઇ તેમજ કુટુંબ કબીલાવાળા હોઇ અને તેમના કુટુંબની દેખભાળ રાખનાર તેઓ એક માત્ર ઇસમ હોય, દયા રાખી સજા કરવા અરજ કરેલ છે. તેમજ આરોપીને કોઇ સ્થિર ધંધો નથી મજુરી કરે છે અને તેમને દરરોજ મજુરી પણ મળતી નથી. જેથી તેમનુ તેમજ તેમના કુટુંબનું ગુજરાન કરવામાં પણ મુશ્કેલી પડે છે અને તેવી સ્થિતિમાં આ ગુનો થઇ ગયેલ છે. આ ગુનામાં કોઇ સાથે જાહેરમાં ઉપદ્રવ કરેલ નથી. ઝઘડો કરેલ નથી. અસભ્ય વર્તન કરેલ નથી કે અશિષ્ટ ભાષા વાપરેલ નથી કે કોઇ સાથે મારામારી કરી કોઇ ઇસમ કે જાહેર મિલકતને હાનિ પહોંચાડેલી નથી અને તેવો કોઇ આક્ષેપ પણ તેમની સામે નથી. ચાર્જશીટમાં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલ હાલતમાં મળી આવ્યાનો આક્ષેપ છે. તથા આરોપીની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય ઉપરાંત રોજગાર પણ ન હોય, ટ્રાયલ ચાલતાં દરમ્યાન વારંવાર આવવાની જરૂર પડે, તેઓની મજુરી જતી રહે તેમજ વકીલ રોકી પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને કયારેક મજુરી મળે છે તે પણ ન મળી શકે જે તમામ હકિકતો ધ્યાને લઇ, આ પ્રથમ ગુનો હોઇ, તેમની ભુલ સુધારવા માંગતાં હોય અને જો સજામાં જેલમાં મોકલવામાં આવે તો તેમના કુટુંબનો ભરણપોષણ કરનાર કોઇ ના હોય કુટુંબના ઘરના લોકોને ભુખે રહેવુ પડે તેમ હોય જેથી ગુનાનો પસ્તાવો કરી આ પ્રથમ ભુલ માફ કરી ઓછી દંડની સજા કરી રહેમ રાખવા અરજ કરેલ છે.

(૪) આરોપી જયારે તેઓ સામેનો આક્ષેપ સ્વેચ્છાએ કબુલ કરે છે, ત્યારે તમામ રેકર્ડ ઉપરની હકિકતો લક્ષમાં લેતાં આરોપી સામે વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલ હાલતમાં લથડીયા ખાતો બકવાસ કરતો મળી આવેલ હોવાનો આક્ષેપ છે અને આરોપી વિરૂધ્ધ ફરીયાદ પક્ષનો એવો કોઇ આક્ષેપ નથી કે દારૂ પીધેલ હાલતમાં કોઇ સાથે ઉપદ્રવ કરી, ઝઘડો કરી, અસભ્ય વર્તન કરી, અશિષ્ટ ભાષા વાપરી કે મારા–મારી કરેલ કે કોઇ વ્યકિત કે જાહેર નુકશાન કે હાનિ કરેલ. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામના સરકારી અમલદાર મુળ ફરીયાદી, સરકારી અમલદાર સાહેદ,પંચો, ડૉકટર સાહેદ તપાસનીશ અધિકારીને તપાસ્યા બાદ તો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સંખ્યા સાથે નવા દાખલ થતાં કેસોનું પ્રમાણ લક્ષમાં લેતાં ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહી. તેમજ ટ્રાયલમાં ફરીયાદ પક્ષના વકીલશ્રીનો સમય, સરકારી સાહેદોના સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાન ઠરે ત્યારે સજા વખતે પણ આરોપીની કબુલાત પુરસીસમાં જણાવેલ આરોપીની સ્થિતિ ધ્યાને અવશ્ય લેવામાં આવે અને તેના

બદલે હાલના તબકકે આરોપીનો પ્રથમ ગુનો હોઇ અને શરૂઆતમાં ગુનો કબુલ કરે છે. ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ કરેલી હકિકતોને સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઇઝ કરી શકાય તેમ હોઇ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકિકતો અને તમામ પરિસ્થિતિઓને ધ્યાને લઇ તથા નામદાર ગુજરાત વડી અદાલતનો **ગુજરાત રાજય વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર, જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં. ૭૦૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. તેમજ સદરહુ ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧ માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એક માત્ર કમાનાર ઇસમ છે તથા તેઓનો આ પ્રથમ ગુનો છે. તેમજ કાયદામાં ઠરાવેલી નિયત સજા કરવામાં આવે અને આરોપીને જેલમાં મોકલવામાં આવે તો શકય છે કે આરોપી જેલમાના અઠંગ અને રીઢા ગુનેગારોની સોબતમાં આવી જાય અને પરિણામે તે પણ તેમના જેવો ગુનેગાર બની જાય. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ આ પ્રમાણેની સ્થિતિનું સર્જન ન થાય તેવી તકેદારી રાખવી તે પણ આ તબકકે જોવું જોઇએ તેમ મારૂ માનવુ છે. આરોપીનો આ પ્રથમવારનો ગુનો અજાણતાથી થયો છે અને તે બદલ તેને પસ્તાવો થયો છે. આરોપીને કેદની સજામાં દયા રાખી ઓછી સજા કરવામાં આવે તો પણ ન્યાયનો હેતું જળવાય તેમ છે. તેમજ આરોપીની સામાજિક તેમજ આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઇ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતાં આરોપીને કબુલાત બદલ પુરેપુરી સજા નહી કરતાં આરોપીને ન્યુનતમ કરતાં ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાશએ તેમ આ અદાલતનું નમ્રપણે માનવુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

(૧)સદરહુ કામના આરોપીને બી.એન.એસ.એસ.કલમ- ૨૬૪ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી) માં તકશીરવાન ઠરાવી કોર્ટ ઉઠતાં સુધીની સજા તથાં રૂ. ૧૦૦/- ના દંડની સજા ફરમાવવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન-૩ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. તેમજ પ્રોહીબીશન એકટની કલમ-૮૫ સાથે પ્રોહીબીશન વટહુકમ નં.-૭/૨૦૧૬ વંચાણે લેતાં સદરહુ ગુનામાં તકશીરવાન ઠરાવી કોર્ટ ઉઠતાં સુધીની સજા તથાં રૂ. ૧૦૦/- ના દંડની સજા ફરમાવવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન-૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ-૧૪, માહે-માર્ચ, સને- ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી મારી સહિ કરી જાહેર કર્યો.

ધાનપુર.

તા.૧૪/૦૩/૨૦૨૬

(રોહન રાજેન્દ્રકુમાર સુતરીયા)

મુખ્ય જે. એમ. એફ. સી. ધાનપુર

જજ કોડ નં. જી.જે. ૦૧૪૫૭